10/07/2018

# ઑફ્લાઈન પ્રવેશ પ્રક્રિયા અંગેની સામાન્ય માહિતી

(1) ઑફ્લાઈન પ્રવેશ પ્રક્રિયા માટે નો કાર્યક્રમ અને મેરીટ લિસ્ટ ગુજરાત યુનિવર્સિટી ની એડમિશન વેબસાઈટ તેમજ રસાયણ વિભાગ, ગુજરાત યુનિવર્સિટીના નોટિસ-બોર્ડ પર મુકવામાં આવેલ છે.

(2) ઑફ્લાઇન પ્રવેશ પ્રક્રિયા માં ભાગ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ તેમના મેરીટ ક્રમ મુજબ દર્શાવેલ સમયે રસાયણ વિભાગ પર હાજર થવાનું રહેશે. દર્શાવેલ સમયે હાજર ન થઇ શકનાર અથવા દર્શાવેલ સમય પછી હાજર થનાર વિદ્યાર્થીને જે તે સમયે ખાલી રહેલ જગ્યાઓ પર જ નિયમોનુસાર પ્રવેશ આપવામાં આવશે.

(3) ઑફ્લાઇન પ્રવેશ પ્રક્રિયા સંપૂર્ણ રીતે મેરીટના ધોરણે કરવામાં આવશે, તેમજ કેટેગરી તથા યુનિવર્સિટીના સૂચિત કવોટા મુજબ ખાલી રહેલ સીટ પર જે તે કેટેગરી / યુનિવર્સિટીના વિદ્યાર્થીને જ પ્રવેશ આપવામાં આવશે.

(4) વિદ્યાર્થીએ B.Sc. ની બધા સેમેસ્ટરની અસલ માર્કશીટ, જાતિનું અસલ પ્રમાણપત્ર તથા નોન-ક્રિમીલિયેર સાથે આવવાનું રહેશે.

(5) ઑફ્લાઈન એડમિશન માટે વિદ્યાર્થીઓને મેરીટ ક્રમ મુજબ એડમિશન કમિટી સમક્ષ હાજર રહેવાનું થશે, ત્યારબાદ તેમના મેરીટ ક્રમ તેમજ કેટેગરી મુજબ ખાલી રહેલ જગ્યાઓ પર વિદ્યાર્થીની ઈચ્છા મુજબ સીટ ફાળવવામાં આવશે.

(6) ઑફ્લાઇન એડમિશન માં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીએ M.Sc. Semester I (GIA અથવા HPP) ને લાગુ પડતી ફી નવેસર થી ભરવાની રહેશે. ફી ભરવા માટે ફી ની રસીદ તેમને એડમિશન મળી ગયા બાદ રસાયણ વિભાગ અથવા જે તે કોલેજમાંથી જ આપવામાં આવશે.

જે વિદ્યાર્થીઓએ ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન ફી ભરેલ હોય અને જો તેમને ઑફ્લાઈન પ્રવેશ ફાળવવામાં આવે તો તેમણે પણ નવી ફી ભરવાની રહેશે. તેવા વિદ્યાર્થીઓએ અગાઉ ઓનલાઇન ફાળવવામાં આવેલ કોલેજમાં એડમિશન રદ્દ કરાવી ફી રિફંડ માટેની અરજી અગાઉની કૉલેજમાં કરવાની રહેશે. વિદ્યાર્થીએ ઓનલાઇન પ્રવેશ માટે ભરેલ ફીના 10% બાદ કર્યા પછી બાકી રહેલી રિફન્ડની રકમ તેમને કોલેજ દ્વારા જ પરત કરવામાં આવશે.

**ખાસ નોંધ:** વિદ્યાર્થીને અગાઉ કોઈ કૉલેજમાં એડમિશન મળેલ હોય અને ઑફ્લાઇન પ્રવેશ પ્રક્રિયા દરમ્યાન અન્ય કૉલેજમાં એડમિશન લેવા માંગતો હોય તેવા સંજોગોમાં અગાઉની કોલેજમાં જે તે કેટેગરીની સીટ ઉપલબ્ધ હશે તો જ વિદ્યાર્થીને અગાઉની સીટ ખાલી કરી અન્ય કૉલેજમાં એડમિશન લેવાની મંજૂરી આપવામાં આવશે, નહીંતર તે વિદ્યાર્થીનું અગાઉ ની કોલેજ માં જ એડમિશન જાળવવામાં આવશે.

**ખાસ નોંધ:** 3 વિષય સાથે B.Sc. કરેલ હશે તેવા વિદ્યાર્થી કેમેસ્ટ્રી વિષયમાં M.Sc. માં એડમિશન માટે યોગ્યતા ધરાવતા નથી. (ઇન્ફોર્મેશન ની માહિતી પુસ્તિકા મુજબ)

10/07/2018

# ઑફ્લાઈન પ્રવેશ પ્રક્રિયા માટેનો સંભવિત કાર્યક્રમ

ગુજરાત યુનિવર્સિટી ના વિદ્યાર્થીઓ માટે

| ક્રમ | તારીખ તથા વાર | સમય | મેરીટ રેન્ક |
|---|---|---|---|
| 1 | તા.11/07/2018 બુધવાર | સવારે 10:45 કલાકે | GU-1 થી GU-100 |
| 2 | | બપોરે 3:00 કલાકે | GU-101 થી GU-200 |
| 3 | તા.12/07/2018 ગુરુવાર | સવારે 10:45 કલાકે | GU-201 થી GU-300 |
| 4 | | બપોરે 3:00 કલાકે | GU-301 થી GU-400 |

| ક્રમ | તારીખ તથા વાર | સમય | કેટેગરી મેરીટ રેન્ક |
|---|---|---|---|
| 1 | તા.13/07/2018 શુક્રવાર | સવારે 10:45 કલાકે | SEBC-120 થી SEBC-150 |
| 2 | | બપોરે 2:00 કલાકે | SC-12 થી SC-52 અને ST-5 થી ST-29 |

ગુજરાત યુનિવર્સિટી સિવાયના વિદ્યાર્થીઓ માટે

| ક્રમ | તારીખ તથા વાર | સમય | મેરીટ રેન્ક અને કેટેગરી રેન્ક |
|---|---|---|---|
| 1 | તા.14/07/2018 શનિવાર | સવારે 10:45 કલાકે | SEBC-1 થી SEBC-35 ; SC-1 થી SC-5 ; ST-1 થી ST-9 અને OU-1 થી OU-20 |

**ખાસ નોંધ:** ઑફ્લાઇન પ્રવેશ પ્રક્રિયા માં ભાગ લેવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ તેમના મેરીટ ક્રમ મુજબ દર્શાવેલ સમયે રસાયણ વિભાગ પર હાજર થવાનું રહેશે. દર્શાવેલ સમયે હાજર ન થઇ શકનાર અથવા દર્શાવેલ સમય પછી હાજર થનાર વિદ્યાર્થીને જે તે સમયે ખાલી રહેલ જગ્યાઓ પર જ નિયમોનુસાર પ્રવેશ આપવામાં આવશે.